### ભાજપ અને એનડીએના જુના ચહેરાઓના ખાતા યથાવત્: કેટલાકના ખાતાઓ આશ્ચર્યજનક રીતે બદલાયા

# મોદી મંત્રીમંડળને ખાતાઓની ફાળવણી સાથે નવી સરકાર એક્શનમાં: લીટમસ ટેસ્ટ




### વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૨૪ ની ચૂંટણીના, પરિણામો અને રાજકીય સમીકરણોમાં આસમાન-જમીન જેટલો તફાવત છે



### વર્ષ ૨૦૧૯ ની ચૂંટણી પછી મંત્રીમંડળ તથા ખાતાઓની ફાળવણી થોડી ઝડપથી થઈ હતી, પરંતુ અટકળો અને કુતૂહલનું પ્રમાણ ઓછું હતું

### વર્ષ ૨૦૧૪ થી ઘણાં ચહેરાઓનો આજે પણ દબદબો છે, ઘણાં ચહેરાઓ હાંસિયામાં ધકેલાઈ ગયા છે, ઘણાં હારી ગયા છે, તો કેટલાક નેતાઓનું નિધન થઈ ગયું છે

લોકસભાની ચૂંટણી સંપન્ન થઈ ગઈ. પરિણામો આવી ગયા. એનડીએ ૩.૦ ની સરકારે શપથ લઈ લીધા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત ૭૨ મંત્રીઓનું મંત્રીમંડળ રચાયું. હવે ગઈકાલે મંત્રીમંડળના સભ્યને ખાતાઓની ફાળવણી પણ થઈ ગઈ. વડાપ્રધાને પહેલા જ દિવસે પહેલી ફાઈલ કિસાન સમ્માન નિધિની ક્લિયર કરી, જેથી નવ કરોડથી વધુ કિસાનોના ખાતામાં રૂા. ૨૦૦૦ જમા થઈ ગયા. વર્ષ ૨૦૧૪ ના પ્રથમ દિવસે અને વર્ષ ૨૦૧૯ ના પ્રથમ દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જે રીતે કામકાજનો પ્રારંભ કર્યો હતો, તેની અલગથી ચર્ચા થઈ રહી છે.

ગઈકાલે મોદી સરકારની ત્રીજી ઈનિંગ શરૂ થઈ અને પહેલી કેબિનેટમાં જ ત્રણ કરોડ ઘરોનું જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નિર્માણ કરીને ઘરવિહોણાને ઘરનું ઘર આપવાની જાહેરાત કરી.

વડાપ્રધાને ચૂંટણી પ્રચાર દરમિયાન ખેડૂત, ગરીબ, યુવાવર્ગ અને મહિલાઓને દેશની મુખ્ય જાતિઓ માની હતી. તે પૈકી ખેડૂતોને સાંકળીને કિસાન સમ્માન નિધિનું પ્રથમ એક્શન કામકાજ સંભાળવાના પહેલા જ દિવસે લીધું અને સાંજે કેબિનેટમાં ગરીબોને ઘરનું ઘર આપવાનું એલાન કર્યું. હવે પછી વડાપ્રધાન જે લાંબાગાળાના રોડમેપ પૈકી જે જાહેરાતો કરશે તેમાં મહિલા કલ્યાણ-વિકાસ અને યુવાવર્ગ વિકાસ તથા રોજગારીને લગતા વિષયો અગ્રીમ હશે, તેમ મનાય છે.

**લિટમસ ટેસ્ટ**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે આ વખતે લીટમસ ટેસ્ટ છે, કારણ કે આ વખતે ભારતીય જનતા પક્ષને બહુમતીની જરૂરી બેઠકો મળી નથી, પરંતુ પ્રિ-પોલ એલાયન્સ હોવાથી ભાજપે તમામ ૫૪૩ બેઠકો પર ઉમેદવારો ઊભા રાખ્યા નહીં હોવાથી એનડીએ ગઠબંધનને જનાદેશ મળ્યો છે, ત્યારે સાથીદાર પક્ષોને પણ સાથે લઈને વડાપ્રધાને ચાલવું પડશે. તો બીજી તરફ વિપક્ષી ગઠબંધન પણ મજબૂત થયું છે, જો કે સાથીદાર પક્ષોએ જે મક્કમતાથી સમર્થન જાહેર કર્યું છે અને તે પછી વડાપ્રધાને પણ સાથીદાર પક્ષો સાથે પરામર્શ કરીને તેઓને મંત્રીમંડળમાં યોગ્ય સ્થાન આપીને મહત્ત્વના વિભાગો પણ ફાળવ્યા છે, અને પહેલા જ દિવસથી જે સક્રિયતા દર્શાવી છે, તે મહત્ત્વપૂર્ણ છે.

**નવા પ્રયોગો કરવાનું ટાળ્યું!**

**ઈલેક્શન એનાલિસીસ**

નવા મંત્રીમંડળની રચનામાં વડાપ્રધાને નવા પ્રયોગો કરવાનું ટાળ્યું, અને જુના, પીઢ, અનુભવી ચહેરાઓને તેના વિભાગો સાથે રિપિટ કર્યા, અને સાથીદાર પક્ષોને પણ મહત્ત્વના ખાતાઓ ફાળવાયા. એટલું જ નહીં, મીનીમમ ગવર્નમેન્ટ, મેક્ઝીમમ ગવર્નન્સના બદલે ૭૧ સભ્યોનું મંત્રીમંડળ રચ્યું, તે જોતા વડાપ્રધાન મોદી હવે એનડીએની સહિયારી સરકારના વડા હોય તે રીતે નિર્ણયો લઈ રહેલા જણાય છે.

વડાપ્રધાને સાથીદાર પક્ષો સાથે જરૂરી પરામર્શ કરીને જ મંત્રીઓની પસંદગી કરીને તેઓને વિભાગોની ફાળવણી કરી હશે, અને હજુ પણ તેમાં ફેરફારને અવકાશ રહેશે, તેવું મનાય છે.

**વર્ષ ૨૦૧૪ નું મંત્રીમંડળ કેવું હતું**

વર્ષ ૨૦૧૪ માં જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી દેશના વડાપ્રધાન બન્યા ત્યારે માહોલ અલગ જ હતો અને વડાપ્રધાને પણ સમયને અનુકૂળ મંત્રીમંડળની રચના કરીને વિભાગો ફાળવ્યા હતાં. તે ચૂંટણીમાં પણ એનડીએનું પ્રિ-પોલ એલાયન્સ હતું, અને ભાજપને સ્પષ્ટ બહુમતી મળી હતી, પરંતુ મંત્રીમંડળમાં એનડીએના સાથી પક્ષોને પણ સ્થાન આપ્યું હતું.

વર્ષ ૨૦૧૪ ની ૨૬ મી મે ના વડાપ્રધાન તરીકે નરેન્દ્ર મોદીએ ૪૫ મંત્રીઓ સાથે શપથ લીધા હતાં, જેમાં ૨૩ કેબિનેટ અને ૧૦ સ્વતંત્ર પ્રભાર રાજ્યમંત્રી તથા ૧૨ રાજ્યમંત્રી હતાં.

તે પછી તબક્કાવાર મંત્રીમંડળના વિસ્તરણો થયા, પરંતુ વર્ષ ૨૦૧૪ માં માત્ર ૪૫ મંત્રીઓ સાથે વડાપ્રધાન મોદીએ સત્તા સંભાળી હતી.

**વર્ષ ૨૦૧૯ નું મંત્રીમંડળ કેવું હતું?**

નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૯ માં વધુ મજબૂત બહુમતી સાથે વડાપ્રધાન બન્યા અને ભાજપને ૩૦૩ બેઠકો મળી, જ્યારે એનડીએને ૩૫૦ થી વધુ બેઠકો મળી. વર્ષ ૨૦૧૯ માં પણ વડાપ્રધાને ૩૦ થી મે ના દિવસે શપથ લીધા ત્યારે તેની સાથે ૫૭ અન્ય મંત્રીઓએ શપથ લીધા હતાં, જેમાં બે રાજ્યસભાના સભ્યો હતાં. વર્ષ ૨૦૧૯ ના મોદી મંત્રીમંડળમાં વડાપ્રધાન સહિત ૨૫ કેબિનેટ કક્ષાના, ૯ રાજ્ય કક્ષાના સ્વતંત્ર પ્રભાર સાથેના મંત્રીઓ તથા ૨૪ રાજ્યમંત્રી હતાં.

વર્ષ ૨૦૧૪ અને વર્ષ ૨૦૧૯ માં પ્રથમ મંત્રીમંડળ માન્ય માપદંડો કરતા નાનું રાખવામાં આવ્યું હતું, અને સંજોગો તથા જરૂર મુજબ પાંચ-પાંચ વર્ષના સમયગાળા દરમિયાન તેમાં ફેરફાર પણ કરાયા હતાં.

**વર્ષ ૨૦૧૪ થી દબદબો**

મોદી સરકારની આ ત્રીજી ટર્મ છે. આ પહેલાની બન્ને ટર્મમાં ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ ઉપરાંત પિયુષ ગોયલ, નિર્મલા સિતારમણ, નીતિન ગડકરી, સદાનંદ ગૌડા, રાવ ઈન્દ્રજીતસિંહ, રાધામોહનસિંહ, થાવરચંદ ગેહલોત, ધર્મેન્દ્ર પ્રધાન, સર્વાનંદ સોનોવાલ, ગિરિરાજસિંહ, અર્જુન મેઘવાલ, મનસુખ માંડવિયા સહિતના કેટલાક મંત્રીઓનો વર્ષ ૨૦૧૪ થી દબદબો રહ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા પણ વર્ષ ૨૦૧૪ થી મોદી મંત્રીમંડળ સાથે સંકળાયેલા છે, પરંતુ જ્યારથી ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ બન્યા, ત્યારથી મંત્રીમંડળની જવાબદારીમાંથી મુક્ત કરાયા હતાં. હવે ફરીથી તેઓને મંત્રીમંડળમાં સમાવાયા છે.

**વર્ષ ૨૦૧૪ માં પક્ષવાર સ્થિતિ**

લોકસભાની વર્ષ ૨૦૧૪ ની ચૂંટણીમાં ભાજપને ૨૮૨, શિવસેનાને ૧૮, ટીડીપીને ૧૬, એલજેપીને ૬, અકાલી દળને ૪, આરએસએલપીને ૩, એસડબલ્યુડીને ૧, એઆઈએનઆરસીને ૧, એનપીપીને ૧, કોંગ્રેસને ૪૪, એનસીપીને ૬, આરજેડીને ૪, આઈયુએનએલને ૧, અન્યને ૩, એનપીપીને ૧, એનપીએફને ૧, એઆઈએડીએમકેને ૩૭, એઆઈટીએમસીને ૩૪, બીજેડીને ૨૦, ટીઆરએસને ૧૧, આઈએનએલડીને ૨, એઆઈયુડીએફને ૨, આમ આદમી પાર્ટીને ૪, પીડીપીને ૩, જેડીએસને ૨, જેડીયુને ૨, સમાજવાદી પાર્ટીને ૫, એલડીએફનો ૨, એઆઈએમઆઈએમનો ૧, સીપીઆઈને ૧, આઈએનડીને ૦૩, વાયએસઆરનો ૯ અને સીપીઆઈએમને ૯ બેઠકો મળી હતી. આમ એનડીએને કુલ ૩૩૬, યુપીએને ૬૦ અને અન્ય પક્ષોને ૧૪૭ બેઠકો મળી હતી.

વર્ષ ૨૦૧૪ ની સાથે વર્ષ ૨૦૨૪ ની ચૂંટણીની સરખામણી કરીએ તો આસમાન જમીનનો તફાવત જણાય છે. વર્ષ ૨૦૧૪ માં મંત્રીમંડળમાં હતાં, તેવા ઘણાં ચહેરા હાંસિયામાં ધકેલાઈ ગયા છે, તો કેટલાક દિગ્ગજોનું નિધન થઈ ચૂક્યું છે. આંકડાકીય માહિતીમાં પણ દસ વર્ષમાં આવેલા તફાવતના આંકડા ઘણાં જ રસપ્રદ અને સાંકેતિક છે.

:: આલેખન ::
વિનોદકુમાર કોટેચા
એડવોકેટ

## લોકસભા ચૂંટણી-૨૦૧૪ કોને કેટલી બેઠકો...?

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| એનડીએ | ભાજપ | શિવસેના | ટીડીપી | એલજેપી | અકાલીદળ | આરએસએલપી | અપનાદલ | પીએમકે | |
| | ૨૮૨ | ૧૮ | ૧૬ | ૬ | ૪ | ૩ | ૨ | ૨ | |
| | એસડબલ્યુપી | એઆઈએનઆરસી | | એન.પી.પી. | | કુલ એનડીએ | | | |
| | ૧ | ૧ | | ૧ | | ૩૩૬ | | | |
| યુપીએ | કોંગ્રેસ | એનસીપી | આરજેડી | આઈયુએનએલ | સીસીએમ | એનપીપી | એનસીઆર | એનપીએલ | કુલ યુપીએ |
| | ૪૪ | ૬ | ૪ | ૨ | ૧ | ૧ | ૧ | ૧ | ૬૦ |
| અન્ય | એઆઈએડીએમકે | એસઆઈટીસી (તૃણમુલ કોંગ્રેસ) | | બીજેડી | ટીઆરએસ | આઈએનએલડી | એઆઈયુડીએફ | | |
| | ૩૭ | ૩૪ | | ૨૦ | ૧૧ | ૨ | ૩ | | |
| | આપ | પીડીપી | જેડીએસ | જેડીયુ | એસપી | એલડીએફ | એઆઈએમઆઈએમ | | |
| | ૪ | ૩ | ૨ | ૨ | ૫ | ૧ | ૧ | | |
| | સીપીઆઈ | આઈએનડી | વાયએસઆરસી | | સીપીઆઈએમ | | અન્ય કુલ | | |
| | ૧ | ૩ | ૯ | | ૯ | | ૧૪૭ | | |

### ગ્રામ્ય વિસ્તારમાં પાણીની સમસ્યા વધુ:

## જામનગર જિલ્લાના પાંચ અને દ્વારકા જિલ્લાના અગિયાર ડેમ ખાલી

જામનગર તા. ૧૧: સૌરાષ્ટ્રમાં કાળઝાળ ગરમીથી લોકો ત્રાહીમામ પોકારી ઉઠ્યા છે. બીજી તરફ હાલારના ૧૬ જળાશયો ખાલી છે. ત્યારે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં પાણી માટે બુમરાણ ઉઠી રહી છે.

હવે ચોમાસુ ઢુંકડું છે અને લગભગ સપ્તાહમાં હાલારમાં દસ્તક આપે તેવી શક્યતા દર્શાવાઈ રહી છે. બીજી તરફ ઉનાળામાં દ્વારકા જિલ્લાના ૧૧ અને જામનગર જિલ્લાના પાંચ ડેમો ખાલી થઈ જતાં ગ્રામ્ય વિસ્તારોમાં પાણીની સમસ્યા ઉભી થવા પામી છે. જામનગર જિલ્લાના ૨૧ માંથી પાંચ ડેમ ખાલી થયા છે જેમાં ફુલઝર-૨, આજી-૪, રંગમતી અને ઉંડ-૧ અને ૨ નો સમાવેશ થાય છે. જ્યારે કંકાવટી, ફોફળ ડેમમાં ચારેક ટકા જેટલું પાણી ઉપલબ્ધ છે.

તો દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ૧૨ માંથી ૧૧ ડેમ ખાલી છે. જેમાં સાની, ગઢકી, શેઢા ભાડથરી, સિંધણી, કબરકા અને વેરાડી-૨, મીણાસર-સોનમતિ, વર્તુ-૨ વગેરે ડેમનો સમાવેશ થાય છે. જ્યારે ઘી ડેમમાં પાંચથી ૬ ટકા પાણીનો જથ્થો ઉપલબ્ધ છે.

આમ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો સ્થાનિક સ્ત્રોત ખાલી થતાં ગામડામાં દેકારો બોલી જવા પામ્યો છે. જો કે હવે માત્ર થોડા દિવસ જ તકલીફ રહેશે. કારણ કે ચોમાસાએ ગુજરાતમાં એન્ટ્રી કરી લીધી છે.

## લાલપુર તાલુકાના ભણગોરમાંથી વર્લીના આંકડા લેતા અટકાયત

જામનગર તા. ૧૧: જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના ભણગોર ગામમાં વર્લીના આંકડા લખતા આધેડને પોલીસે ઝડપી લીધા હતા અને વર્લીનું સાહિત્ય કબ્જે કર્યું હતું. લાલપુર તાલુકાના ભણગોર ગામના મધુભાઈ શામજીભાઈ પાંડલ (ઉ.વ.૫૨) ને વર્લીના આંકડા લખતા પોલીસે ઝડપી પાડ્યા હતાં અને રૂા. ૧૪૨૦ ની રોકડ રકમ કબ્જે કરી હતી.

## જામનગરમાંથી સગીર ગુમ થતા પોલીસ દ્વારા કરાતી શોધખોળ

જામનગર તા. ૧૧: જામનગર મહાનગરપાલિકાના કર્મચારીનો સગીર વયનો પુત્ર પરમ દિવસે ઘરેથી નીકળ્યા પછી પરત નહીં ફરતા પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા પોલીસે સગીરની શોધખોળ શરૂ કરી છે.

જામનગરમાં હર્ષદમીલની ચાલીમાં રહેતા અને ફાયર બ્રિગેડ વિભાગમાં ફરજ બજાવતા કિશનભાઈ મુળજીભાઈ વાઘેલાનો સગીર પુત્ર ગત તા. ૯ ના રાત્રે સાડા આઠેક વાગ્યે ઘરેથી નીકળ્યા પછી પરત ફર્યા ન હતો. મોડી રાત સુધી પુત્ર પરત નહીં ફરતા પરિવારજનોએ શોધખોળ કરી હતી. આમ છતાં પતો નહીં લાગતા ગઈકાલ તા. ૧૦ ના પોલીસમાં જાણ કરવામાં આવી હતી. આથી પો.સબ.ઈન્સ. ટી.ડી. બુડાસણાએ તપાસ હાથ ધરી છે. સગીરની ઉંમર આશરે ૧૬ વર્ષની છે અને તાજતેરમાં જ ધો. ૧૦ ની પરીક્ષા આપી હતી.

## ચિરવિદાય

જામનગર: વિસા શ્રીમાળી સોની કાન્તાબેન કલ્યાણજી સિધ્ધપુરા (ઉ.વ. ૯૦), તે સુરેશભાઈના માતા તથા હર્ષના દાદીનું તા. ૧૦-૬-૨૦૨૪ ના અવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૧૨-૬-૨૦૨૪ ના સવારે ૧૦ થી ૧૦.૩૦ વાગ્યા દરમિયાન ભાઈઓ તથા બહેનો માટે પાબારી હોલ, તળાવની પાળ, જામનગરમાં રાખવામાં આવ્યું છે.

### ૧.૨ ડિગ્રીના ઘટાડા સાથે

## જામનગરમાં મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી: ગરમી ઘટી

જામનગર તા. ૧૧: જામનગરમાં છેલ્લા ચોવીસ કલાક દરમિયાન ૧.૨ ડિગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી નોંધાયું હતું. જેના પગલે ગરમીમાં પણ ઘટાડો થયો હતો.

જામનગરમાં છેલ્લા એકાદ સપ્તાહથી તેજીલા વાયરાઓ ફૂંકાઈ રહ્યા છે. ગઈકાલે પણ પવનની ગતિ પ્રતિ કલાકની સરેરાશ ૩૦ થી ૩૫ કિમીની રહેવા પામી હતી. નગરમાં આજે સવારે પૂરા થતાં ચોવીસ કલાક દરમિયાન ૧.૨ ડિગ્રીના ઘટાડા સાથે મહત્તમ તાપમાન ૩૬.૨ ડિગ્રી અને નહીંવત ઘટીને લઘુતમ તાપમાન ૨૮.૨ ડિગ્રી નોંધાયું હતું. તાપમાનમાં થયેલા ઘટાડા અને તેજીલા વાયરાઓના પગલે ગરમીમાં ઘટાડો થયો હતો. વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૭૬ ટકા રહ્યું હતું.

**અકસ્માત...**

છેલ્લા પૃષ્ઠથી ચાલુ...

પસાર થઈ હતી. આ મોટરના ચાલકે ફિલ્મી ઢબે ડ્રાઈવીંગ કરી અકસ્માત સર્જ્યો હતો. કુરંગા ગામ પાસે આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતા નંદાણા ગામના રાયદેભાઈ વજસીભાઈ સુવા, ધવલસિંહ સુમણીયા તેમજ અન્ય કામદારો પોતપોતાના ગામે જવા માટે વાહનની રાહ જોઈને ઉભા હતા.

આ વેળાએ પુરપાટ ધસી આવેલી મોટરે સાઈડમાં ઉભેલા કામદારોને હડફેટે લીધા હતા. જેમાં ગંભીર ઈજા થતાં ધવલસિંહનું મૃત્યુ નિપજ્યું હતું. રાયદેભાઈ સહિતના સાતેક વ્યક્તિ પણ મોટરની ઠોકરે ચઢી ગયા હતા. ફેક્ચર સહિતની ઈજા પામેલા આ વ્યક્તિઓને સારવાર માટે દવાખાને ખસેડવામાં આવ્યા છે. ગઈકાલે રાયદેભાઈએ દ્વારકા પોલીસ મથકમાં મોટર ચાલક સામે ફરિયાદ નોંધાવી છે. પોલીસે આઈપીસી ૩૦૪ (અ) સહિતની કલમો હેઠળ મોટરચાલક સામે કાર્યવાહી હાથ ધરી છે.

### ફાયર એનઓસીના મુદ્દે અંતે સરકાર જાગી...

## પણ... ખાટલે મોટી ખોટ... જામનગર અને રાજકોટ ફાયર વિભાગમાં સ્ટાફની ભારે તંગી!

### ફાયર વિભાગમાં અસંખ્ય ખાલી જગ્યાઓ તાકીદે ભરવા ધારાસભ્ય હેમંત ખવાની માંગણી



જામનગર તા. ૧૧: રાજકોટ અગ્નિકાંડની ગોઝારી ઘટના પછી જામનગર, રાજકોટ સહિત રાજ્યભરમાં ફાયર તંત્ર જાગ્યું છે. તપાસ પછી ફાયર એનઓસી ના હોય તેવા એકમોને તાળા લગાવાયા છે. આ કાર્યવાહી બેશક આવકારદાયક બાબત છે, પરંતુ એક ઝાટકે આટલા એકમો બંધ કરાયા જેનો મતલબ એ છે કે અત્યાર સુધી રામભરોસે ચાલતું હતું. જેની પાછળ સૌથી મોટું કોઈ કારણ હોય તો તે છે સ્ટાફની ઘટ. જો ફાયર વિભાગ પાસે પૂરતો સ્ટાફ હોય તો જામનગરના જુદા જુદા વિસ્તારોમાં કાયમી ચેકીંગ હાથ ધરવામાં આવી શકે અને કસુરવાર એકમધારકો સામે તાત્કાલિક જ પગલાં લઈ શકાય. જામનગર ફાયર વિભાગમાં મંજુર મહેકમની સામે ૪૧ જગ્યાઓ ખાલી છે, જ્યારે રાજકોટમાં પણ ૫૦ થી વધુ જગ્યાઓ ખાલી હોવાનું સામે આવ્યું છે.

જામનગરમાં ફાયર વિભાગની ખાલી જગ્યા ભરવા માટેની ભરતી પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ છે. માત્ર ઓર્ડર આપવાના વાંકે ભરતી પ્રક્રિયા ગોટાળે ચડી છે. છ મહિના અગાઉ ભરતી પ્રક્રિયા પૂર્ણ થયા પછી પણ હજુ ઉમેદવારોને ઓર્ડર હાથમાં આવ્યા નથી. આથી ઉમેદવારો પણ આર્થિક તંગી અનુભવી રહ્યા છે, તો બીજી બાજુ કામના ભારણને લઈ હાજર કર્મચારીઓ પાસેથી પણ કામ લેવામાં ઉપરી અધિકારીઓને સમસ્યા નડી રહી છે. જેનો માર સીધો સામાન્ય જનતા પર પડી રહ્યો છે. તો આ ભરતી પ્રક્રિયા ક્યા કારણોસર વિલંબમાં પડી છે અને ખોરંભે ચડેલી આ ભરતી પ્રક્રિયાને તાત્કાલિક પૂર્ણ કરાવી અને ઓર્ડર આપવા જામનગર-લાલપુરના ધારાસભ્ય હેમંતભાઈ ખવાએ માંગણી કરી છે.

હાલની સ્થિતિએ ફાયર વિભાગ દ્વારા જે એકમોમાં તાળા લગાવવામાં આવ્યા છે. તેમાંથી અમુક એકમધારકો દ્વારા ખૂટતી સુવિધા પણ ઊભી કરી દેવાઈ છે, જો કે સ્ટાફના અભાવે ફિલ્ડ પર ચેકીંગ થઈ શકતું નથી. આથી ધંધાર્થીઓ પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે. બીજી બાજુ જામનગર ચારેકોરથી વિસ્તરી રહ્યું છે અને વિશ્વનો સૌથી મોટો ગણાતો બ્રાસ ઉદ્યોગ પણ આવેલો છે. આથી સમયાંતરે આગજનીની ઘટનાઓ સામે આવી રહી છે, જ્યારે એક કરતા વધુ આગની ઘટના બને ત્યારે ફાયર સ્ટાફ પહોંચી ન વળતો હોવાથી મોટું નુક્સાન થવાની પણ ભીતિ સેવાઈ છે. આ સમગ્ર બાબતોને ધ્યાનમાં રાખી અને જામનગર તેમજ રાજકોટ સહિત સૌરાષ્ટ્ર, ગુજરાતમાં જે પણ જગ્યાએ ફાયર સ્ટાફનો અભાવ છે તે જગ્યાઓ નીતિનિયમ મુજબ તાત્કાલિક ભરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

ઘણાં લોકો એવું પણ કહે છે કે અજીત પવારને હજી પણ કેન્દ્રીય તપાસ એજન્સીઓની બીક છે, અન્યથા તેઓ તો ક્યારના યે એનડીએ છોડીને વર્તમાન સંજોગોમાં શરદકાકાના શરણે ચાલ્યા ગયા હોત... મે બી પોસિબલ...!

અજીતભાઈ એ ભૂલી જાય છે કે મહારાષ્ટ્રમાં સત્તા મેળવવાની હાયવોયમાં જ બિચારા દેવેન્દ્રભાઈને નાયબ મુખ્યમંત્રી પદે બેસવા મજબૂર કરી દેવાયા, તેમાં તેઓ પણ સહભાગી જ છે ને ? તે કિસ્સામાં પૂર્વ મુખ્યમંત્રીને નાયબ મુખ્યમંત્રીના પદે હાઈકમાન્ડના આદેશથી (બળજબરીથી) બેસાડી દેવાયા, ત્યારે સાથીદાર પક્ષના સર્વોચ્ચ નેતાનું સ્વાભિમાન આડે ન આવ્યું ? આ બધું જ ક્યાંક શરદકાકાના ઈશારે તો થઈ રહ્યું નથી ને?

હજુ મંત્રીમંડળને ખાતા જ સોંપાયા છે, ત્યાં એનડીએમાં આંતરિક ખેંચતાણ શરૂ થઈ ગઈ છે, હવે દેવેન્દ્ર ફડણવીસને 'નૈતિક ક્રૂરતા'થી નાયબ મુખ્યમંત્રી પદે બસાડીને અને પોતાની પાર્ટીને તોડીને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનેલા એકનાથ શિંદેના જૂથે પણ અસંતોષ પ્રગટ કર્યો છે.

મીડિયા અહેવાલો મુજબ શિંદેની શિવસેનાએ ૭ લોકસભા બેઠકો જીતી હોવા છતાં તેમને રાજ્યકક્ષાના મંત્રીનું એક જ પદ મળ્યું, તેનો વસવસો શિંદે ગ્રુપ વ્યક્ત કરી રહ્યું છે. સ્વતંત્ર પ્રભાર સાથેનું રાજ્યકક્ષાનું મંત્રીપદ કેબિનેટની સમકક્ષ ન ગણાય, તેમ છતાં શિંદેજુથની નારાજગી કેબિનેટમાં સ્થાન નહીં મળવાના કારણે છે, અને એકાદ-બે બેઠકો ધરાવતી પાર્ટીઓ પૈકી કોઈને કેબિનેટમાં સ્થાન મળ્યું તેનું દૃષ્ટાંત અપાઈ રહ્યું છે, ત્યારે સવાલ એ ઉઠે કે શિંદેગ્રુપને ખરેખર એનડીએના સાથીદાર પક્ષો પ્રત્યે અદેખાઈ થઈ છે કે પછી પીએમ મોદી સામે અસંતોષ છે?

એવું કહેવાય છે કેરળના એક સાંસદને મંત્રી નહોતું બનવું પરંતુ તેઓને પર્સનલી બોલાવીને ધરાર મંત્રી બનાવાયા છે, તો ભાજપના કેટલાક એવા મંત્રીઓને પડતા પણ મૂકાયા છે, જેઓ એનડીએ ૨.૦ ની ટર્મમાં પ્રખર મોદી સમર્થક રહ્યા હતા, એટલું જ નહીં ચોવીસેય કલાકના પ્રશંસક પણ રહ્યા હતાં !!

કેન્દ્રીય મંત્રી મંડળમાં સીઆર પાટીલને સ્થાન મળ્યું, તે અપેક્ષિત હતું અને ગુજરાતની વિધાનસભાની ચૂંટણીમાં ૧૫૬ બેઠકો પર વિજય અને કેટલીક સળગતી સમસ્યાઓના સમયે પણ પ્રાદેશિક કક્ષાએ ભાજપને ગતિશીલ રાખવાની પાટીલની કૂનેહના કારણે તેમને કેન્દ્રમાં લઈ જવાયા, તેવો અભિપ્રાય વ્યક્ત થઈ રહ્યો છે, તો બીજી તરફ એવું પણ કહેવાય છે કે તેઓને પ્રદેશ પ્રમુખ પદે રિપિટ કરાયા પછી હવે અધવચ્ચેથી કેન્દ્રમાં એટલા માટે લઈ જવાયા કે તેઓ ગુજરાત ભાજપમાં આંતરિક જૂથવાદ અને પ્રજાનો પક્ષ પ્રત્યેનો વધતો અણગમો નાથવામાં નિષ્ફળ ગયા છે !

એ જે હોય તે ખરું, પરંતુ હવે પ્રાદેશિક કક્ષાએ ભારતીય જનતા પક્ષનું સુકાન કોને સોંપાશે તેવા સવાલો વચ્ચે ભૂપેન્દ્ર પટેલ મંત્રીમંડળમાં પણ મોટા ફેરફારો તોળાઈ રહ્યા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ક્ષત્રિય સમાજનું આંદોલન, ટીઆરપી ગેમઝોન દુર્ઘટના જેવા કારણોસર સરકારની તથા પ્રદેશ ભાજપની છબિને લાગેલો દાગ ભૂંસવા પ્રદેશ કક્ષાએ પણ ધરમૂળથી ફેરફારો થશે, તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે, અને પ્રદેશ ભાજપ પ્રમુખ તરીકે મૂળ જામનગરના દિગ્ગજનું નામ પણ ચર્ચામાં છે, તેમ કહેવાય છે.

કેન્દ્રીય મંત્રીમંડળમાં હાલતુરત ભલે જામનગર/હાલારને સ્થાન ન મળ્યું હોય, પરંતુ હાલારની સમસ્યાઓ, માંગણીઓ અને અપેક્ષાઓને લક્ષ્યમાં લઈને સાંસદ પૂનમબેન માડમ અને રાજ્યસભાના ગુજરાતમાંથી ચૂંટાયેલા સભ્યો કેન્દ્ર અને રાજ્ય સરકાર સમક્ષ અવાજ ઉઠાવશે, અને હાલારનો અવાજ સંસદમાં અને વિધાનસભામાં વધુ ગુંજતો રહેશે, તેવી આશા રાખીએ...